<u>નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ હસ્તકની નાયબ નિયામકશ્રી(અ.જા.ક.)ની કચેરી જિ.બનાસકાંઠા અને જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રી જિ.પં આણંદ માટે નવા વાહન ખરીદવા અંગે મંજૂરી આપવા બાબત.</u>

ગુજરાત સરકાર

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

સુધારા ઠરાવ ક્રમાંક:મકમ/૧૦૨૦૧૯/ન.બા-૧/જ

સચિવાલય, ગાંધીનગર.

તારીખ:-30/03/૨૦૨૨

<u>વંચાણમાં લીધા-</u>

(૧) વિભાગનો તા:૨૯/૦૬/૨૦૨૧ નો સરખા ક્રમાંકનો ઠરાવ તથા તા:૨૭/૦૭/૨૦૨૧નો સરખા ક્રમાંકનો સુધારા ઠરાવ.

(૨) વિભાગનો તા:૦૫/૦૧/૨૦૨૨નો સરખા ક્રમાંકનો ઠરાવ

(3) બંદરો અને વાહન વ્યવહાર વિભાગનો તા:૦૬/03/૨૦૧૯નો ઠરાવ ક્રમાંક: જીટીએસ-૧૦૨૦૧3-૩૧૯-ધ

(૪) નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણનો તા.30/03/૨૦૨૨નો પત્ર ક્રમાંક: અજાક/રેકર્ડ/૩૧૩/૨૦૨૨/ખ

<u>આમુખ:-</u>

વંચાણે લીધેલ ક્રમ:(૧) પરના વિભાગના તા:૨૯/૦૬/૨૦૨૧ના તથા તા:૨૭/૦૭/૨૦૨૧ના સરખા ક્રમાંકના ઠરાવોથી નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ હસ્તકની નાયબ નિયામકશ્રી(અ.જા.ક.)ની કચેરી જિ.બનાસકાંઠા અને જિલ્લા સમાજ કલ્યાણ અધિકારી જિ.પં આણંદ માટે નવા વાહન ખરીદવા અંગે વાહનદીઠ રૂ.૭.૦૦ લાખ પ્રમાણે રૂ.૧૪.૦૦ લાખની નવી બાબતને વહિવટી મંજૂરી આપવામાં આવેલ છે.

વંચાણે લીધેલ ક્રમ:(૨) વિભાગના તા.૦૫/૦૧/૨૦૨૨ના ઠરાવથી નાયબ નિયામકશ્રી (અ.જા.ક.)ની કચેરી જિ.બનાસકાંઠા અને જિલ્લા સમાજ કલ્યાણ અધિકારી જિ.પં આણંદની કચેરી એમ બે જિલ્લા કચેરીઓ માટે નવા વાહન ખરીદવા માટે MAHINDRA AND MAHINDRA BOLERO B2 BS VI મોડેલની ખરીદી GEM પોર્ટલ પરથી કરવા મંજૂરી આપવામાં આવેલ હતી.

વંચાણે લીધેલ ક્રમ:(૩) પરના બંદરો અને વાહન વ્યવહાર વિભાગના તા:૦૬/૦૩/૨૦૧૯ના ઠરાવની જોગવાઇ ક્રમ-૪ મુજબ, "હવેથી મોડલ બેઝડ ખરીદી કરવાની રહેતી હોઇ, જે તે મોડલની જે તે તારીખે ખરીદી કરવાની થાય તે તારીખે જે કિંમત હશે તે મુજબ GEM portal પરથી સંબંધિત વિભાગ વાહન ખરીદી કરી શકાશે."

વંચાણે લીધેલ ક્રમ: (૪) પરના નિયામકશ્રી, અ.જા.કના તા:૩૦/૦૩/૨૦૨૨ના પત્રથી નાયબ નિયામકશ્રી (અ.જા.ક.)ની કચેરી જિ.બનાસકાંઠા અને જિલ્લા સમાજ કલ્યાણ અધિકારી જિ.પં આણંદની કચેરી માટે GEM પોર્ટલ પરથી MAHINDRA AND MAHINDRA BOLERO B2 BS VI મોડેલની ખરીદી અંગેના રૂા. ૧૪,૫૩,૩૬૭/- ના બીલના ચૂકવણામાં વાંધો આવતાં, રૂા. ૧૪.૦૦ લાખની વહીવટી મંજૂરી અંગેના ઠરાવમાં સુધારો કરવા દરખાસ્ત કરેલ છે.

ઠરાવ:-

પુખ્ત વિચારણાને અંતે, નાયબ નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણની કચેરી, જિ.બનાસકાંઠા અને જિલ્લા સમાજ કલ્યાણ અધિકારી, જિ.પં. આણંદની કચેરી એમ ૦૨(બે) જિલ્લા કચેરીઓ માટે નવા વાહન ખરીદવા માટે MAHINDRA AND MAHINDRA BOLERO B2 BS VI મોડેલની ખરીદી બંદરો અને વાહન વ્યવહાર વિભાગના તા:૦૬/૦૩/૨૦૧૯ના ઠરાવની જોગવાઇ ક્રમ-૪ મુજબ, જે તે મોડેલની જે તે તારીખે ખરીદી કરવાની થાય તે તારીખે જે કિંમત હશે તે મુજબ GEM portal પરથી ખરીદી કરવાનું આથી ઠરાવવામાં આવે છે.

૨. આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર અધિક મુખ્ય સચિવશ્રી (સા.ન્યા)ની તા:૩૦/૦૩/૨૦૨૨ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રી ના હુકમથી અને તેમના નામે,

(દિગ્વિજયસિંહ કુંપાવત)
સેકશન અધિકારી
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

1. માન. મંત્રીશ્રી કાર્યાલય, સામાજિક ન્યાય અને અધિકારીતા, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
2. અધિક મુખ્ય સચિવશ્રીનું કાર્યાલય, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

3. અધિક મુખ્ય સચિવશ્રીનું કાર્યાલય, બંદરો અને વાહન વ્યવહાર વિભાગ, સચિવાલય, ગાંધીનગર
4. અધિક મુખ્ય સચિવશ્રીનું કાર્યાલય, નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
5. નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
6. એકાઉન્ટન્ટ જનરલ, અમદાવાદ/ રાજકોટ.
7. નાણાં સલાહકારશ્રી(સા.ન્યા.), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
8. સેકશન અધિકારી, બજેટ શાખા, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
9. સેક્શન અધિકારીશ્રી, કોમ્પ્યુટર સેલ, સા.ન્યા. અને અધિ. વિભાગ, ગાંધીનગર તરફ વિભાગની વેબસાઈટમાં જ-શાખાના ઠરાવોની યાદીમાં સામેલ કરવાની વિનંતી સાથે
10. પસંદગી ફાઇલ- ૨૦૨૨.